માર્ચ-2015 : ગુજરાતી (001) (ગુજરાતી માધ્યમ) ધોરણ 10

# (Part - A)

*Time : 1 Hour]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

■ 1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી, સાચાં વિકલ્પનો ક્રમ અક્ષર પર શીટમાં પેનથી ઘટ્ટ કરવું :

1) કવિએ 'અતિજ્ઞાન' કાવ્યની રચના કયા ગ્રંથને આધારે કરી છે ?

(A) રામાયણ (B) મહાભારત
(C) વેદ (D) પુરાણ

2) ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામની આત્મકથા 'વીન્ગ્ઝ ઑફ ફાયર' નો 'અગનપંખ' અનુવાદ કોણે કર્યો ?

(A) બકુલ ધોળકિયા (B) હરેશ ધોળકિયા
(C) અરૂણ તિવારી (D) સુધામૂર્તિ

3) નીચે આપેલા આખ્યાનોમાંથી કયું આખ્યાન ધીરા ભગતનું છે ?

(A) ઓખાહરણ

(B) નળાખ્યાન

(C) દ્રૌપદી વસ્ત્રાહરણ

(D) ચંદ્રહાસાખ્યાન

4) 'જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ' – આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) મન નો ડગે

(B) અદીઠો સંગાથ

(C) તપાસીએ

(D) જૂનું પિયરઘર

5) 'ગદ્યનો પિતા' અને 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) રા.વિ. પાઠક

(B) નર્મદ

(C) કાકા કાલેલકર

(D) ચંદ્રકાન્ત બક્ષી

6) વાક્યમાં છૂટા પડવાનો ભાવ પ્રગટ કરવા કઈ વિભક્તિ વપરાય છે ?

(A) અધિકરણ (B) કરણ

(C) અપાદાન (D) સંપ્રદાન

7) 'પ્રશ્ન' કાવ્ય કયા છંદમાં લખાયેલું છે ?

(A) મંદાક્રાન્તા (B) શિખરિણી

(C) અનુષ્ટુપ (D) પૃથ્વી

8) નીચેના જોડકાં ધ્યાનથી જોઈ સાચો વિકલ્પ પસંદ કરો.

(a) અતિજ્ઞાન (1) માડી

(b) મન નો ડગે (2) કુહર

(c) પ્રશ્ન (3) ગંગાસતી

(d) જૂનું પિયર ઘર (4) દૂર્યોધન

(A) a - 4, b - 3, c - 2, d - 1 (B) b - 1, c - 4, d - 3, a - 2

(C) c - 2, d - 4, a - 3, b - 1 (D) d - 2, a - 1, b - 4, c - 3

9) 'સોનાનાં વૃક્ષ' પાઠમાં નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ પ્રયોજાયો નથી ?

(A) શૃંગ (B) નિરવધિ

(C) અલખ (D) સ્થિતપ્રજ્ઞ

10) 'હાશ ! આજે નિરાંત થઈ, આ પાપીએ આટલાં વર્ષ જંપીને બેસવાયે દીધા નહિ.' - આ ઉક્તિ કોણ બોલે છે ?

(A) મૃણાલવતી (B) લક્ષ્મીદેવી

(C) જક્કલાદેવી (D) વિલાસ

11) ઉપમેયના સંબંધ માટે યોગ્ય ઉપમાન પ્રાપ્ત ન થતાં ઉપમેયનો જ ઉપમેય સાથે સંબંધ દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને ?

(A) અનન્વય (B) ઉપમા

(C) ઉત્પ્રેક્ષા (D) રૂપક

12) 'વૃક્ષ' પાઠ લેખકના કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

(A) વહી જતી પાછળ રમ્યઘોષા (B) બૂમ કાગળમાં કોરા

(C) એક ઉંદર અને જદુનાથ (D) બાથટબમાં માછલી

13) 'ઝાડ ટકે છે ઝૂંડમાં, એકલ ઊડી જાય' - આ દુહામાં ઝાડના દૃષ્ટાંત દ્વારા શાનો મહિમા સમજાવ્યો છે ?

(A) સંપ બળનો
(B) કુટુંબનો
(C) મૈત્રી ભાવનો
(D) ઝાડનો

14) રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

'આકાશમાં પ્રકાશનો <u>મહોત્સવ</u> જામ્યો હતો.

(A) ઉપપદ
(B) તત્પુરૂષ
(C) બહુવ્રીહિ
(D) કર્મધારય

15) 'અદીઠો સંગાથ' કાવ્યનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) ગઝલ
(B) ગીત
(C) સૉનેટ
(D) પદ

16) 'હું તને એટલો વિકસિત જોવા માગું છું જેથી તું મોટાં શહેરોમાં ખૂબ શિક્ષિત લોકોની સમક્ષ ઊભો રહી શકે.' - આ ઉક્તિ કોણ કોને કહે છે ?

(A) આશિયામ્મા, પુત્ર અબ્દુંલને
(B) અહમદ જલાલુદ્દીન, સાળા અબ્દુલને
(C) શિવ સુબ્રમણ્યા ઐયર, વિદ્યાર્થી અબ્દુલ કલામને
(D) પિતા જૈનુલબ્દીન - પુત્ર અબ્દુલને

17) શબ્દસમૂહ માટે યોગ્ય એક શબ્દ પસંદ કરો.

'ભગવાન બુધ્ધને જ્યાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે વૃક્ષ.'

(A) કલ્પવૃક્ષ
(B) બોધિવૃક્ષ
(C) આમ્રવૃક્ષ
(D) વટવૃક્ષ

**18)** 'દેવ જાગી જવા' – રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?

(A) ઊંઘમાંથી સફાળા બેઠા થવું.

(B) દેવને જગાડવા.

(C) કામદેવ પ્રસન્ન થવા.

(D) નસીબ ખૂલી જવું.

**19)** સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત – આ છ બાબતો માટે કયો શબ્દ છે ?

(A) ખટકર્મ (B) ખટરિપુ

(C) ષડસિદ્ધિ (D) ખટશાસ્ત્ર

**20)** 'અંધી વાટે વટ પડવો જોવે, ભાય, ભાવનગર જાવું જોહે ...' લોકબોલીની આવી મીઠાશ કઈ કૃતિમાં રજૂ થઈ છે ?

(A) ચક્ષુ:શ્રવા (B) શૂલપાણેશ્વર

(C) જક્ષણી (D) છકડો

**21)** 'મારા લગ્ન માટે તેણે બે વેણેય કોઈને કહ્યાં નહીં' – આ વાક્યમાંથી નિપાત શોધો.

(A) માટે (B) કોઈને

(C) ય (D) કહ્યાં

**22)** વાર્તાનાયકના 'પણ ક્યાં ! શા માટે જાય છે ?' એવા પ્રશ્નના જવાબમાં પત્ની કયો જવાબ આપે છે ?

(A) ક્યાં તે મારા પિયરમાં

(B) બધે તમને કહીને જવાનું ?

(C) મારા અક્ષરો સુધારવા – તમારો અભ્યાસ વધારવા

(D) બધું તમને કહેવું જરૂરી નથી.

23) નીચે આપેલા જોડકાંમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

| | | | |
|---|---|---|---|
| (a) | દયારામ | (1) | કાફી |
| (b) | ધીરા ભગત | (2) | ખંડકાવ્ય |
| (c) | મણિશંકર ર. ભટ્ટ | (3) | પદ |
| (d) | નરસિંહ મહેતા | (4) | ગરબી |

(A) a - 2, b - 3, c - 4, d - 1　　(B) a - 3, b - 2, c - 1, d - 4

(C) a - 1, b - 4, c - 3, d - 2　　(D) a - 4, b - 1, c - 2, d - 3

24) 'હું પાંગળું, તું મારું વાહન !' – આ ઉક્તિ કોણ કોને કહે છે ?

(A) ચક્ષુ મનને કહે છે.

(B) ભક્તિ બુદ્ધિને કહે છે.

(C) કવિ ભક્તને કહે છે.

(D) મન ચક્ષુને કહે છે.

25) પાઠ્યપુસ્તકમાંના શબ્દો ચાર જૂથમાં ગોઠવેલ છે. ક્યા જૂથના તમામે તમામ શબ્દોની જોડણી સાચી છે ?

(A) પતીજ, વિજળી, તેલિયા, બધિર

(B) પરિચિત, નિયમિત, ઈન્દીરા, આધિપત્ય

(C) કીર્તિ, પંચિયું, શિથિલ, પૃથિવીવલ્લભ

(D) ઊણપ, પૂર્વાભિમુખ, સુરસરિતા, સ્ફટીક

26) નીચે આપેલા શબ્દો પૈકી 'રાત્રિ' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) રજની

(B) દિવાકર

(C) મનીષા

(D) શોણિત

27) 'ટાઈમટેબલ' કઈ બાબતનો આગ્રહ રાખે છે ?

(A) સમય મુજબ લેખન કરવું જોઈએ.

(B) ખૂબ આરામ કરવો જોઈએ.

(C) સમયસર પરીક્ષા આપવી જોઈએ.

(D) અમુક વસ્તુ અમુક સમયે જ થવી જોઈએ.

28) 'સોનાનાં વૃક્ષો' પાઠનો સાહિત્ય પ્રકાર કયો છે ?

(A) લલિતનિબંધ

(B) નિબંધ

(C) હાસ્યનિબંધ

(D) ચિંતનાત્મક નિબંધ

29) 'ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની.' – આ પંક્તિનો છંદ જણાવો.

(A) મંદાક્રાન્તા

(B) શિખરિણી

(C) પૃથ્વી

(D) અનુષ્ટુપ

30) સંસારરૂપી સાગર તરવાનો પ્રયત્ન કોણ કરે છે ?

(A) યજ્ઞ-યાગ, જપ-તપ, તીરથ-યાત્રા કરનારા

(B) સંસારી હોવા છતાં સંસાર છોડયાનો દેખાવ કરનારા

(C) સાચા ભક્ત અને જગતના પામરજીવો વચ્ચે ભેદ ન જાણનારા

(D) સાધુનો વેશ ધારણ કરી મનમાં કામિનીની ઈચ્છા રાખનારા

31) 'અધૂરો ઘડો છલકાય ઘણો.' - કહેવતનો અર્થ શો છે ?

(A) સારા નરસાનો વિચાર ન કરે

(B) કોઈની આગળ સારા હોવાનો દેખાવ કરે

(C) ઓછી આવડત હોય તે વધુ દેખાવ કરે

(D) અભિમાનમાં ખરાબ દેખાવ કરે

32) આપેલ પંક્તિનો અલંકાર કયો છે ?

'કામિની કોકિલા કેલિ કૂજન કરે.'

(A) શબ્દાનુપ્રાસ

(B) વર્ણાનુપ્રાસ

(C) અંત્યાનુપ્રાસ

(D) આંતરપ્રાસ

33) નીચેના પૈકી કયા કવિએ 'વિદ્યાવાચસ્પતિ' ની પદવી પ્રાપ્ત કરી હતી ?

(A) મકરંદ દવે

(B) ઉમાશંકર

(C) ચિનુ મોદી

(D) બાલમુકુન્દ દવે

34) આજે આચાર્યશ્રી આવનાર નથી. - રેખાંકિત પદ કૃદંતનો કયો પ્રકાર દર્શાવે છે ?

(A) વર્તમાન કૃદંત

(B) ભવિષ્ય કૃદંત

(C) સંબંધક ભૂતકૃદંત

(D) વિધ્યર્થકૃદંત

35) નીચેનામાંથી કઈ પંક્તિ ચોપાઈ છંદમાં નથી ?

(A) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

(B) શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક.

(C) દાદા દાદી સાથે જાય, છૈયાં વાતો કરતાં જાય.

(D) કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.

36) કવિ બાલમુકુન્દ દવેએ 'તીર્થોત્તમ' કાવ્યમાં નીચેના તીર્થોમાંથી કયા તીર્થનો ઉલ્લેખ કર્યો નથી ?

(A) પુરી

(B) હરદ્વાર

(C) કાશી

(D) અયોધ્યા

37) કાંબીઉં નામનું ઘરેણું નાયિકા ક્યાં ધારણ કરશે ?

(A) હાથે
(B) પગે
(C) ડોકમાં
(D) માથે

38) નીચેનામાંથી ઉપમા અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
(B) ગાંધીજી તે ગાંધીજી
(C) હૈયું જાણે હિમાલય.
(D) હું સંસાર સાગરમાં ડૂબી ગયો.

39) નીચેની ગદ્યકૃતિમાંના પાત્ર સાથે કયું જોડકું બંધ બેસતું નથી ?

(A) જક્ષણી – રેવાશંકર
(B) ચક્ષુ:શ્રવા – પ્રહ્લાદ
(C) છકડો – ધમો
(D) શૂલપાણેશ્વર – પિનાક

40) દાદા કેસરીસિંઘ પ્રપૌત્રી કોશાને 'ચક્ષુઃશ્રવા' નો ક્યો અર્થ સમજાવે છે ?

(A) સાપ કાનથી સાંભળે, આંખથી જુએ

(B) સાપને આંખો ન હોય, કાનથી સાંભળે

(C) સાપને કાન અને આંખો બંને હોય

(D) સાપને કાન ન હોય, આંખોથી સાંભળે

41) નીચે આપેલાં જોડકાંમાં કેટલાક સાહિત્યકારો અને તેમનાં ઉપનામ આપેલ છે, સાચું જોડકું દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(A) બ.ક. ઠાકોર – 'ગુપ્ત'

(B) ચિનુ મોદી – 'વાસુકિ'

(C) જયંતી ગોહેલ – 'માય ડીયર જયુ'

(D) ક. મા. મુનશી – 'ઈર્શાદ'

■ **નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્રશ્ન 42 અને 43)**

ચારિત્ર્ય વડે પ્રબળ વ્યક્તિત્વનો વિકાસ થાય છે, જેને પરિણામે વ્યક્તિને સાર્વત્રિક આદર, શક્તિ અને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ચરિત્ર અને વ્યક્તિત્વ એકરૂપ હોવાથી જેનું ચરિત્ર સુંદર, તેનું વ્યક્તિત્વ પ્રબળ. નિષ્કલંક ચરિત્ર વિના ઈશ્વરનો સાક્ષાત્કાર ન થઈ શકે. સમાજમાં આદરણીય સ્થાન મેળવવા માટે સંગીતજ્ઞ કવિ કે વૈજ્ઞાનિક થવું પૂરતું નથી, ચારિત્ર્યવાન પણ થવું ઘટે.

42) સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરવા માટે શેની આવશ્યકતા રહે છે ?

(A) ધન
(B) પ્રામાણિકતા
(C) પ્રતિષ્ઠા
(D) ચારિત્ર્ય

43) વ્યક્તિત્વનો વિકાસ થતાં માણસને સમાજમાંથી શું મળે છે ?

(A) પદ, પ્રતિષ્ઠા અને પૈસો
(B) સાહિત્ય, સંગીત અને કલા
(C) આદર, શક્તિ અને આત્મજ્ઞાન
(D) માન, મરતબો અને મોભો

44) 'અંઈ તો ભઈ, ચારે બાજુ ઉકરડા જ ઉકરડા હતા. અને મા'દેવની ચોફેર તો નર્યા હાપ !' આ વિધાન કઈ કૃતિમાંથી લીધેલું છે ?

(A) શૂલપાણેશ્વર

(B) જક્ષણી

(C) આક્કા

(D) પ્રકૃતિ કી ભાષા સમજો

45) ગંગાસતી કોનાં વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ?

(A) પરમાત્મા

(B) સદ્‌ગુરુ

(C) પાનબાઈ

(D) હરિજન

46) લેખક મણિલાલ પટેલના દાદા મહુડાંની સૂકવણીનું શું કરતા ?

(A) તેમાંથી દારૂ બનાવતા

(B) તેમાંથી દવા બનાવતા

(C) તે બાફીને પોતે ખાતા

(D) ચોમાસામાં બાફીને બળદોને ખવડાવતા

47) 'મહારાજ રસોઈ પીરસતા હતા.' – આ વાક્યનું પ્રેરક વાક્ય કયું છે ?

(A) મહારાજ રસોઈ પીરસાવતા હતા.

(B) મહારાજ રસોઈ પીરસે છે.

(C) મહારાજ રસોઈ પીરસાવે છે.

(D) મહારાજથી રસોઈ પીરસાતી હતી.

■ **નીચે આપેલ કાવ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય જવાબવાળા વિકલ્પ દર્શાવો. (પ્રશ્ન 48 અને 49)**

હાથ જોડી ના બેસો રે ભાઈ, હાથ જોડી ના બેસો!
    કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો?
હાથ જોડીને બેસી રહેતાં, ખાશો જગતની ઠેસો,
    મેઘ વરસશે મુશળધારે, તે શું જોઈ રહેશો?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો?
    ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો.
હરિ હરિ કરતાં આ હીન દશા કરી, એમાં શો સંદેશો?
    સૂતેલા પણ સિંહ તણે મુખ આવી શિકાર પડે શો?
ફાળ ભરી એ ઠાર કરે તો જ કરી શકે ભૂખ કલેશો.

48) કવિ હાથ જોડીને બેસી રહેવાની શા માટે ના પાડે છે?

(A) ઈશ્વર પાક ન ઊગાડે તેથી

(B) આપણી ભૂખ કે તરસ છીપાય નહીં તેથી

(C) એમ કરવાથી જગતની ઠેસો ખાવી પડે તેથી

(D) તેમ કરવાથી ભીખ માગવાનો વારે આવે તેથી

49) કોના મુખમાં શિકાર આવીને પડતો નથી?

(A) દોડતાં સિંહનાં    (B) દોડતાં હરણનાં

(C) શિકાર કરતાં વાઘનાં    (D) સૂતેલા સિંહનાં

50) 'હું પરીક્ષા આપું છું.' – વાક્યનું કર્મણિ વાક્ય બનાવો.

(A) મારાથી પરીક્ષા નહીં અપાય.    (B) મારાથી પરીક્ષા અપાઈ છે.

(C) હું પરીક્ષા આપીશ.    (D) મારાથી પરીક્ષા અપાઈ રહી છે.

માર્ચ-2015 : ગુજરાતી (001) (ગુજરાતી માધ્યમ) ધોરણ 10

# (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :**

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 13 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુંના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુધ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

## વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર જવાબ લખો.

1) માણસ 'સુખસગવડ ભોગવવાની લાલસામાં કેવો સ્વાર્થી અને લાગણીહીન થઈ જાય છે' તે 'વૃક્ષ ' એકાંકીના આધારે ચર્ચો. [4]

અથવા

'ચક્ષુ:શ્રવા' શીર્ષકની યથાર્થતા સમજાવો.

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

2) 'જે સ્ત્રી નીતિની કેળવણી લેશે તે કુમાર્ગે જશે નહિ' એવું નર્મદ શા માટે કહે છે ? [2]

3) મહુડાનો ઉપયોગ શામાં થાય છે ? તે જણાવો. [2]

અથવા

ટાઈમ ટેબલ બનાવવામાં લેખકને કેટલો સમય ગયો ? શા માટે ?

■ **નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર જવાબ લખો.**

**4)** 'કુંજલડી રે' લોકગીતમાં પતિમિલનને ઝંખતી નાયિકાના મનોભાવ તમારા શબ્દોમાં લખો. **[3]**

અથવા

'રક્ષક જ ભક્ષક બને' એ કહેવત સમજાવવા માટે કવિ શામળે આપેલાં વિવિધ દષ્ટાંતો વર્ણવો.

■ **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.**

**5)** 'મન નો ડગે' કાવ્યમાં ગંગાસતી સાચા ભક્ત હોવાનું કયું પ્રમાણ આપે છે ? **[2]**

**6)** 'તીર્થોત્તમ' કાવ્યમાં કવિને પ્રભુદર્શનની તરસ કેવી રીતે સંતોષાઈ ? **[2]**

અથવા

'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાને કયા સ્મરણો તાજાં થાય છે ?

## <u>વિભાગ -B</u>

■ **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો.** **[5]**

**7)** ''આજે તો બધે ઊંચા જીવનધોરણની બૂમો પડી રહી છે. વાડીવજીફો, મોટર બંગલો, ટીવી વગેરેને ઊંચું જીવન કહે છે. જૂના વખતમાં પ્રામાણિક, પવિત્ર, સદાચારી જીવન ઊંચું ગણાતું. જેની જરૂરિયાત ઓછી, તે ઊંચો ગણાતો. પણ આજે તો ઊંચા જીવનની વ્યાખ્યા જ અવળી થઈ ગઈ છે. પરંતુ ઊંચું જીવન કે પછી અધોગતિનું જીવન ? ઊંચા જીવન વિશેના આપણા અને પશ્ચિમના ખ્યાલમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાં ગામમાં ડોસીઓ કહેતી કે - 'હૈયું ન બાળજો, હાથ બાળજો.' પણ આજે તો હૈયું બાળવાની વાત આવી ગઈ છે. હાથને સુંવાળા બનાવે છે. ઉપર મેંદી મૂકે છે. પહેલાં સવારે ઊઠતાંવેંત હાથનાં દર્શન કરતા : 'તારા પ્રતાપે દહાડો કાઢીશ' એવી ભાવના રહેતી. ઈશ્વરે બે હાથ આપ્યા છે એટલેસ્તો છાતી કાઢીને ચાલી શકીએ છીએ, નહિ તો ગાય ભેંસ બળદની જેમ વાંકા વળીને ચાલવું પડત.ભગવાને માણસને એક મોઢું અને બે હાથ આપ્યા છે. પણ આજે તો મોઢાં વધતાં જાય છે અને હાથ ઘટતા જાય છે. બહુ થાય તો હાથનો ઉપયોગ ઝૂંટ મારીને બીજાનું પડાવી લેવામાં થાય છે. હાથનો સાચો ઉપયોગ થયો હોય તો કોઈ દિવસ તંગી ન વરતાય.''

■ **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો.** [5]

**8)** ''ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.''

અથવા

''કડવા હોય લીમડા, પણ શીતળ એની છાંય;
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.''

## વિભાગ - C

**9)** ટી.વી. જોવાથી અભ્યાસ પર માઠી અસર થાય છે. એ બાબત સમજાવતો પત્ર 337, C/4, ત્રિમંદિર સંકુલ સેક્ટર નં. 3, અડાલજથી તમારાં મિત્રને લખો. [5]

**10)** તમારી શાળામાં યોજાયેલ 'રક્તદાન શિબિર' નો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. [5]

## વિભાગ - D

**11)** **નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારીને ફરીથી લખો.** [3]

(અનુગ, નામયોગી, જોડણી, અનુસ્વાર અને વિરામ ચિહ્નોને યોગ્ય રીતે મૂકો)

'ભાઈ તને કોઈએ ભરમાવ્યો છે 'હું જક્ષની નથી કહી મે કમાડ બંધ કરવા માંડ્યું તો એ અંદર આવવા લાગ્યો અને કહે : 'માતાજી આજ દિવસ સુધી તમને ખાવાનું મોકલ્યુ તે સામું તો જુઓ !' હું ચિડાઈ ગઈ 'વળી તુ ખાવાનુ મોકલનાર કોણ'

**12)** **કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો.** [4]

વૃક્ષોને, લહેરાતી પાંદડીઓને, વાસંતી ફૂલોને ને નવપલ્લવોને નજરે નિહાળતા સ્વામીજી સ્વયં એક <u>પીપળાના જે વૃક્ષની નીચે ભગવાન બુદ્ધને જ્ઞાનનો બોધ થયો હતો તે વૃક્ષ</u> (શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.) નથી ? એમની નજીક આવીને ઊભાં રહેતાં જ કેટલી બધી <u>ઉષ્ણતા</u> (વિરોધી શબ્દ લખો) કેટલો બધો આહ્લાદ અનુભવાય છે ! ઉદ્વેગો – <u>ઉદ્ તાપો</u> (સંધિ જોડો) આપો આપ શમી જતાં અનુભવાય છે. ઉદ્વેગિત મન શાંતિનો અનુભવ કરી રહે છે. અનેકવિધ અહમ્-બોજ ખરતો જતો હોય અને મનહૃદય <u>ચિંતામુક્ત થઈ જતાં હોય</u> (રૂઢિપ્રયોગ વાપરો) એમ લાગે છે.

■ નીચેના વિષયો પૈકી ગમે તે એક વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [8]

13) એ શિક્ષકને હું ભૂલીશ નહિ.

મુદ્દાઓ :

1) પ્રસ્તાવના
2) શાળા જીવનમાં બનેલી ઘટના
3) શિક્ષકની મદદ
4) મારી પ્રગતિ
5) શિક્ષકના ગુણો અને તેનો પ્રભાવ
6) ઉપસંહાર

અથવા

મા તે મા ! બીજા વનવગડાના વા.

મુદ્દાઓ :

1) પ્રસ્તાવના
2) માતા બાળકનું લાલનપાલન કરે.
3) માતા બાળકનું ઘડતર કરે.
4) માતાનો અવિચલ પ્રેમ.
5) માતા વિના સૂનો સંસાર
6) ઉપસંહાર

અથવા

"સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા"

1) પ્રસ્તાવના
2) સ્વચ્છતાનો અર્થ
3) સ્વચ્છતાનું મહત્ત્વ
4) ભારત સરકારના સ્વચ્છતા જાળવણીના પ્રયત્નો
5) અસ્વચ્છતાના ગેરફાયદા
6) ઉપસંહાર